# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા. ૨૪.૦૯.૨૦૧૮

---

**ગઈકાલે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રાંચીથી સમગ્ર દેશ માટે લોકાર્પણ કરાયું તે વિશ્વની સૌથી મોટામાં મોટી હેલ્થકેર યોજનાને પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ સહર્ષ વધાવી**

---

**ભારતના દરિદ્રનારાયણને કેન્દ્રમાં રાખીને પંડિત દીનદયાળ ઉપાધ્યાયની "એકાત્મમાનવવાદ"ની વિભાવનાને સાચા અર્થમાં સાકાર કરતી આયુષ્માન ભારત યોજના - શ્રી જીતુભાઈ વાઘાણી**

---

**ઓજસ્વી સમાજના નિર્માણમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા "આયુષ્માન યોજના"નો પ્રારંભ એક ઐતિહાસિક નિર્ણય બની રહેશે - શ્રી જીતુભાઈ વાઘાણી**

---

ભારતના દરિદ્રનારાયણને કેન્દ્રમાં રાખીને પંડિત દીનદયાળ ઉપાધ્યાયની "એકાત્મમાનવવાદ" ની વિભાવનાને સાચા અર્થમાં સાકાર કરતી આયુષ્માન ભારત યોજના - જેનું પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ગઈકાલે રાંચીથી સમગ્ર દેશ માટે લોકાર્પણ કરાયું તે વિશ્વની સૌથી મોટામાં મોટી હેલ્થકેર યોજનાને પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ સહર્ષ વધાવી હતી. ભાજપા કાર્યકલાપોમાં છેવાડાના માનવીનું હીત કેમ સચવાય તે ઉદાત ભાવના હંમેશા સચવાયેલી રહી છે.

દેશના ગરીબ અને વંચિત સમાજની હરહંમેશ ચિંતા કરતા રહેલા સહૃદયી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની "શૌચાલય મુક્ત ભારત" સાથેની સ્વચ્છતા ઝૂંબેશ, જનધન યોજના દ્વારા સરકારી યોજનાઓનો વચેટીયાઓ વગર સીધો લાભ નાગરિકના ઘર સુધી પહોંચાડવાની પહેલ અને હવે આ "પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - PMJAY" એટલે કે આયુષ્માન યોજના દ્વારા એક નૂતન, સ્વસ્થ, સશક્ત સમાજના નિર્માણમાં ભાજપાના શાસનમાં ભગીરથ પ્રયાસો આદરવામાં આવ્યા છે. ઓજસ્વી સમાજના નિર્માણમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા "આયુષ્માન યોજના"નો પ્રારંભ એક ઐતિહાસિક નિર્ણય બની રહેશે તેમ શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યુ હતુ.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૨૪.૦૯.૨૦૧૮

---------------

**પ્રદેશ ભાજપ દ્વારા આગામી ત્રણ મહિના સુધી વિવિધ પ્રજાલક્ષી સંગઠનાત્મક કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.
ભાજપ સંગઠન વધુ સશક્ત બની અજય ભારતના નિર્માણ માટે અટલ ભાજપનું સ્વરૂપ દેશ સમક્ષ રજુ કરશે
- શ્રી આઈ.કે.જાડેજા**

---------------

પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી આઇ.કે. જાડેજાએ પ્રદેશ કારોબારીમાં નિર્ધારિત થયેલા કાર્યક્રમોની વિગત આપતા જણાવ્યુ છે કે, ભારતરત્ન અને પૂર્વ પ્રધાનમંત્રીશ્રી અટલ બિહારી વાજપેયીજીને શ્રદ્ધાંજલિ સ્વરૂપે કાર્યાંજલિ સપ્તાહમાં સ્વછતા અભિયાન અને મેડિકલ કેમ્પના કર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે.

- આયુષ્માન ભારત યોજના વડાપ્રધાનશ્રીએ લોન્ચ કરી છે તેના લાભાર્થીઓને યોજનાનો લાભ કેવી રીતે સરળતાથી મળી શકે તે માટેનું આયોજન ભાજપ સંગઠન કરશે.
- પૂજ્ય બાપુની જન્મજયંતિ નિમિત્તે ૨જી ઓક્ટોબર થી એક સપ્તાહ સુધી ખાદી ખરીદવાના કાર્યક્રમો ભાજપ દ્વારા યોજાશે.
- ૪ થી ઓક્ટોબર થી ૮મી ઓક્ટોબર દરમ્યાન ૫ જિલ્લાઓમાં ૧૦ સ્થળોએ નગરપાલિકાના સભ્યોના અભ્યાસ વર્ગ યોજવામાં આવશે.
- ૧૦મી ઓક્ટોબરથી શરુ થનાર વિશ્વના સૌથી મોટા મહોત્સવ નવરાત્રી મહોત્સવ દરમ્યાન સ્વચ્છતા સહિતના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.
- ૧૫મી સપ્ટેમ્બર થી શરુ થયેલ દેશવ્યાપી સ્વચ્છતા હી સેવાના પખવાડિયાના કાર્યક્રમો ચાલુ જ છે અને સાથે મેડિકલ કેમ્પનું આયોજન પણ હાથ ધરવામાં આવેલ છે.
- ૭ ઓક્ટોબર થી ૧૫મી ઓક્ટોબર દરમ્યાન ભાજપ કિસાન મોરચા દ્વારા ભાજપ સંગઠન સાથે મળીને સમગ્ર રાજ્યમાં જિલ્લા-તાલુકા પંચાયત સ્તરે ખાટલા બેઠકો કરવામાં આવશે અને કિસાનો માટેની વિસ્તારક યોજના થકી ભાજપ દ્વારા ખેડૂત હિત અને ખેતી લક્ષી કરવામાં આવેલ વિવિધ કાર્યોની વિગત રજુ કરવામાં આવશે.
- પૂજ્ય બાપુની ૧૫૦મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે ભાજપના ૧૫૦ કાર્યકરો ૧૫૦ કિલોમીટરની પદયાત્રા કરીને ગાંધીજીના સંદેશ ભાજપની વિકાસની વાતો લોકો સમક્ષ રજુ કરશે.
- દિવાળી - બેસતા વર્ષના સ્નેહ સંમેલનો દરેક જિલ્લામાં ૧ સપ્તાહમાં યોજાશે. પ્રદેશના અગ્રણીશ્રીઓ વિશેષ રૂપે સ્નેહ સમારોહમાં ઉપસ્થિત રહેશે. દરેક વિધાનસભા બેઠકદીઠ પણ સ્નેહમિલનના કાર્યક્રમો હાથ ધરાશે.
- બુથ અને શક્તિકેન્દ્રને વધુ મજબૂત બનાવવા લોકસભા બેઠક દીઠ નિમાયેલા પ્રભારીશ્રીઓનો સતત પ્રવાસ જિલ્લા-તાલુકામાં હાથ ધરવામાં આવશે.
- સદસ્યતા વૃધ્ધિની કવાયત હાથ ધરવામાં આવેલ છે તેને વધુ સક્રિય રીતે કરવામાં આવશે અને દરેક બૂથમાં ૨૫ નવા કાર્યકર્તાઓને ભાજપમાં જોડવામાં આવશે.
- ૨૫ ઓક્ટોબરના રોજ પંડિત દીનદયાલજીની જન્મતિથિ નિમિત્તે સેવાકીય કર્યો હાથ ધરાશે અને અંત્યોદયના વિચાર સાથે છેવાડાના માનવીને બળ આપવાનું કામ કરશે.

આમ, ભાજપ સંગઠન દ્વારા કાર્યક્રમોની હારમાળા સર્જીને આગામી ત્રણ મહિના સુધી જુદા જુદા સ્તરે વિવિધ કાર્યક્રમો હાથ ધરાશે અને ભાજપ વધુ સશક્ત બની અજય ભારતનું નિર્માણ કરવા કટ્ટીબદ્ધ બનશે અને અટલ ભાજપનો પરિચય સમગ્ર વિશ્વને કરાવશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૨૪.૦૯.૨૦૧૮

----------------

**પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિએ "શ્રી કમલમ્" ખાતે ચિંતન સત્ર તથા વ્યાખ્યાન પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા, શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસમાની ઉપસ્થિતિમાં યોજાશે**

----------------

ભાજપા પ્રદેશ મીડિયા સેલની યાદી જણાવે છે કે, એકાત્મ માનવવાદના પ્રણેતા પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિ નિમિત્તે સમગ્ર રાજ્યમાં સેવાકાર્યો હાથ ધરવામાં આવશે અને વૈવિધ્યસભર રીતે ઉજવણી કરવામાં આવશે.

ભાજપાના પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે બપોરે ૧.૦૦ કલાકે પંડિત દીનદયાળ ઉપાધ્યાયના જીવન-કવન અને રાષ્ટ્રોદયના વિચારોને સાંકળતું વ્યાખ્યાન અને ચિંતન સત્ર યોજાશે. જેમાં પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા, શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસમા માર્ગદર્શન આપશે.

ભાજપાની ગુજરાત સરકારના અંત્યોદય (છેવાડાના માનવીના કલ્યાણ)ના કાર્યો અને ગુજરાતના ગૌરવ ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર સરકારના ગરીબ કલ્યાણલક્ષી કાર્યક્રમોની વિગતો અને માહિતી આ ચર્ચાસત્રમાં અપાશે.

પ્રારંભ થતી ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી વ્યાખ્યાન માળાના પ્રથમ મણકામાં રાજ્યની વિશ્વ વિદ્યાલયો સાથે સંકળાયેલા સેનેટ-સિન્ડીકેટ સભ્યો ઉપસ્થિત રહેશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ